सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૫ ડિસેમ્બર-૨૦૦૫ અંક - ૩

## વાલીઓને.....

"કેળવણીનો અર્થ એ છે કે જે જાતનાં જ્ઞાનની જરૂરીયાત જે સમયે હોય તે સમયે તે જ્ઞાન પોતાની મેળે શોધી કાઢવાની ક્ષમતા."

- કાકાસાહેબ કાલેલકર

આ માપદંડથી જોતાં આજનાં શિક્ષણ પર નજર નાખતાં વાસ્તવિક કરુણ પરિસ્થિતિ નજરે ચડે છે. માહિતી સમજ્યાં વિના બાળકે સ્વીકારવાનું આવે છે. જે રીતે માહિતી તેને મળે છે તે જ રીતે તે પોપટની માફક ગોખીને પછી રજૂ કરી દે છે. તેની માત્ર આ ક્ષમતાને જ માપવામાં આવે છે. અને તેનાથી તે કેટલો હોશિયાર છે તે નક્કી થાય છે. શાળામાં તેમજ ઘેર પણ આ જ રીતે તેને શિક્ષણ અપાતું હોય તેમ બને છે. કારણકે આ પધ્ધતિથી જ તે સારા ગુણ લાવી શકે છે. તેના ઉપરથી જ તેને જે ક્ષેત્રમાં જવું હોય તે ક્ષેત્ર માટેનો માપદંડ નક્કી થાય છે.

સારા ગુણ જે રીતે લાવી શકાતા હોય તે રીતે લાવવામાં વાલીઓ પણ કેટલીકવાર સહકાર આપતાં નજરે ચડે છે. અને આ રીતે એક વાર સારા ગુણ મેળવી લે તેથી જે તે ક્ષેત્ર માટે તે લાયક બની જાય છે, જ્યારે રોજીંદા વ્યવહારમાં તેના અપેક્ષિત જ્ઞાનનો લાભ સમાજને મળતો નથી અને તેથી છેવટે સમાજને ભારે નુકશાન થાય છે. ત્રિમૂર્તિ ભવનની ફેલોશીપ દરમ્યાન કરવામાં આવેલા એક સંશોધન લેખનું તારણ એ આવ્યું કે બાળકોની સહજ તર્કશક્તિ નબળી બનાવતી જ્ઞાન કેપ્સ્યુલ વિજ્ઞાન સંબંધી શિક્ષણમાં પણ છૂટથી વપરાય છે. જેથી બાળકની કુદરતી ક્ષમતા અને અભિવ્યક્તિનો લોપ થાય છે.

પ્રશ્ન પૂછવાની કે ચર્ચા કરવાની તેની ક્ષમતા મહદ્ અંશે તે ગુમાવી બેસે છે. કોઈ જાગૃત શિક્ષક આ પધ્ધતિમાં કોઈ ફેરફાર કરવા ઈચ્છતો હોય તો પણ આજની પરીપાટી પધ્ધતિને કારણે કેરીયરનું માળખું એટલું જડબેસલાક હોય છે કે તેને આ માટેનો બહુ ઓછો અવકાશ રહે છે. આ સંદર્ભમાં આ વખતનાં 'શારદ'માં ફાધર વાલેસે પોતાના જે વિચારો દર્શાવ્યા છે તે અહીંયા મૂકયા છે. આજની કેળવણીની પધ્ધતિ બદલવી જ પડશે તે નિ:શંક છે. આ બાબતમાં વાલીઓએ વહેલા જાગવું જોઈએ તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

ના વંદન

હું અમદાવાદમાં રહેવા આવ્યો ત્યારે નહેરૂપુલ તાજો બંધાયેલો હતો તે વજ્ર સેતુને અહોભાવ સાથે નિહાળતો.

નહેરૂપુલને ૨૦ વર્ષ પણ પૂરા થયા નથી ત્યાં પુલ પર તીરાડો પડેલી જણાય છે. ૨૦ વર્ષનું યુવાન સ્થાપત્ય ઘરડું થઈ ગયું છે.

આપણાં છીછરાપણાનું, બેધ્યાનપણાનું પ્રદર્શન હશે. હજી નહેરૂપુલ પર ચાલુ છું, સાયકલ ચલાવું છું પણ હવે હૃદયમાં ગૌરવ નથી. આનંદ નથી. હવે ફક્ત સામે કાંઠે બને તેમ જલ્દી પહોંચી જવાય તે જ ઈચ્છા છે. **ફાધર વાલેસ**

## સ્મૃતિચિત્રો

અગાઉ દર વર્ષે શાળાનો એક પ્રવાસ તો દક્ષિણ ભારતમાં થતો. ખાસ કરીને ઉનાળામાં કે જ્યારે ઉત્તર ભારતનાં હિલસ્ટેશનો ઉપર પહોંચતા પહેલાં ગરમીનો ભારે મુકાબલો કરવાનો આવે તે ટાળવા માટે. ઉપરાંત લોકો પણ અહીં ખૂબ જ ભલા. રેલ્વેનો સ્ટાફ તરફથી કલ્પના ન આવે એટલો સહકાર અમને હંમેશા મળતો. રૂમની સુવિધા તેમજ રસોઈ બનાવવાની જગ્યાની સુવિધા મળે જ. દક્ષિણ ભારતનો પ્રવાસ હંમેશા બહુ મોટું આકર્ષણ રહ્યું.

દક્ષિણ ભારતમાં જવાનું થાય ત્યારે રામેશ્વર તો અચૂક જ જવાનું અને રામેશ્વરમાં અમારો ઉતારો ભગવાનદાસ બાગલાની ધર્મશાળા. જેને સુંદરમે નાનું ગુજરાત તરીકે ઓળખાવ્યું છે, તે સ્થળે જ બધા ગુજરાતીઓ ઉતરે. મંદિરની સાવ નજીક અને નજીકમાં જ શંખલા તેમજ સ્થાનિક કારીગરીની વસ્તુઓ માટેનું નાનું એવું બજાર પણ ખરું.

ભગવાનદાસ બાગલાની ધર્મશાળામાં અમારે ઉતરવાનું હોય ત્યારે આવવાની તારીખ જણાવી હોય એટલે અમારે માટે રાખેલી રૂમોમાં પાણી ભરી રાખવું, પાથરણા પાથરી રાખવા, પૂરી સાફસૂફી થઈ ગઈ હોય, આ બધું ત્યાંના ચોકીદાર પંજુ હંમેશા કરતાં. સ્ટેશન સામે લેવા પણ તે જ આવે.

પંજુની સાથે અમારી ખૂબ જ માયા બંધાઈ ગઈ હતી. મદુરાઈથી રામેશ્વર ટ્રેઈન આવે ત્યારે રામેશ્વરના પ્લેટફોર્મ ઉપર પંજુ હાજર હોય જ. આવતાવેંત આનંદથી આવકારે અને પછી સામાન વગેરે લઈ જવાની પૂરી વ્યવસ્થા સંભાળી લે.

છેલ્લી વાર જયારે શ્રીલંકા જવાનું થયું ત્યારે રામેશ્વરના પ્લેટફોર્મ ઉપર પંજુની હાજરી અમારા માટે અપેક્ષિત હતી પરંતુ પંજુ ન દેખાયો. બીજા કોઈ સેવક આવ્યા હતા. જેમણે આ જવાબદારી ઉપાડી, એ ભાઈને પૂછ્યું 'પંજુ કેમ નથી આવ્યો ? ' ત્યારે અમને ધક્કો વાગે તેવો જવાબ મળ્યો, "સાહેબ, હવે પંજુ નથી." છ માસ પહેલા તેનું અવસાન થયું. એક સ્વજન ગુમાવ્યાના દુ:ખની લાગણી સૌએ અનુભવી.

★★★

જે બાળકની તહેનાતમાં ઘણા બધા નોકરો છે તે ધીમે ધીમે પોતાના નોકરો ઉપર વધારે ને વધારે આધાર રાખનારું બને છે. અને તે એટલી હદ સુધી કે એક રીતે તે નોકરનું ગુલામ જ બની જાય છે ! પોતાને કાંઈ પણ કામ કરવું નહિ પડતું હોવાથી તેના સ્નાયુઓ નબળા પડતા જાય છે, ને છેવટે તે ક્રિયા કરવાની સ્વાભાવિક શક્તિ ગુમાવી બેસે છે, જે માણસ પોતાની જરૂરીઆત માટે પણ કામ કરતો નથી પણ બીજાના શ્રમ ઉપર જ જીવે છે તે માણસનું મન મંદ અને જડ બને છે. આવા માણસને પાછળથી કોઈવાર પોતાની અધમ સ્થિતિનું ભાન થાય છે, ને તે તેમાંથી મુક્ત થવા ઈચ્છે છે તોપણ તે વખતે તેને માલૂમ પડે છે કે હવે પોતાની પૂર્વ શક્તિ પાછી મેળવવા માટે પોતાની પાસે કશું જ બળ બાકી રહયું નથી. - ગિજુભાઈ

## 'પુસ્તક સાચો મિત્ર'

"નંદિત ! તું શું કરે છે ? લેસન કરી લીધું ? કેમ આજે આટલી બધી વાર ? બહુ લેસન આપ્યું છે ? પછી રીવીઝન કયારે કરીશ ? પરીક્ષા તો આમને આમ આવી જશે. અને હજી તો તારા રીવીઝનના ય ઠેકાણા નથી. ખબર નહી કયારનો શું કરે છે ?"

"મમ્મી ! થોડી વાર ઉભી રહે ને ! હમણાં આવું છું... મને આટલું વાંચી લેવા દે ને !"

'કોણ જાણે શું લઈને બેઠો છે ? સમજ નથી પડતી, લાવ જોવા દે તો, અરે! આ તો 'સફારી',પાછું આ હાથમાં આવી ગયું ? કોણ જાણે કયાંથી આવું આવું તારા હાથમાં આવી જાય છે ! ભણવાનું તો ઠેકાણું પડતું નથી ને આ બધું શું લઈને તું બેસે છે ! આજે તો આવવા દે તારા પપ્પાને, હું કહી જ દેવાની છું. કાલે વળી પેલું 'બાલઆનંદ' લઈને આવ્યો હતો. રોજ રોજ તને કોણ આવા મેગેઝીનો લાવીને આપે છે ! ભણવાનું બગડે નહી એટલે હું એ મંગાવતી નથી તો વળી તું કયાંથી આ બધું લઈ આવે છે ?"

'મમ્મી ! તું ભલે ને ન લાવી દે, અમને તો એ બધું ય સ્કુલની લાયબ્રેરીમાંથી મળે છે.મને તો લાયબ્રેરીમાં જવું બહુ ગમે છે. બધાં છોકરાં તો રીસેસમાં પકડદાવ ને બોલ રમતા હોય ત્યારે હું તો લાયબ્રેરીમાં બેસીને વાંચતો હોઉં છું, મને એટલી બધી મજા પડે છે મમ્મી ! મને તો એવું થાય છે કે બસ, રોજેરોજ આવું નવું નવું વાંચ્યાં જ કરું..'

'હા તને તો ગમે જ ને ! એક ભણવાનું નથી ગમતું. પણ પછી પરીક્ષાનું રીઝલ્ટ કેવું આવશે એ તો વિચાર કર ! ગઈ વખતે પણ તારે કુનાલ કરતા ઓછાં માર્કસ આવ્યાં હતાં.'

કોણ જાણે કેમ પણ આજકાલ બાળક હજી પહેલા ધોરણમાં હોય ત્યારથી જ એની પરીક્ષા, અને પરીક્ષામાં મેળવવાનાં માર્કસ્ માટે માબાપનાં મગજમાં એવી તો ચિંતા સવાર થઈ જાય છે કે ન પૂછો વાત. અરે ! અંગ્રેજી માધ્યમની શાળાઓમાં તો નર્સરી અને જુનીયર, સીનીયર કે.જી.માં ય પરીક્ષાઓ લેવાય છે.એટલું જ નહીં પણ એ પરીક્ષામાં માર્કસ્ વધારે આવે તે માટે મમ્મીઓની મેરેથોન રેસ ચાલુ થઈ જાય છે. આટલા નાના કુમળા ખીલતાં બાળકને જ્યારે રમવાનાં દિવસો હોય ત્યારે એને ચોપડીમાં માથું નાંખી ભણવા બેસાડી દેવાના ! એને બાળપણને માણવા નહીં દેવાનું ? એના બાળપણને આપણે છીનવી લેવાનું ?

અને એ ઉપરાંત બાળક મોટું થવા માંડે એટલે એને બહારની દુનિયા વધુ ને વધુ જોવા મળતી થાય, તેની જીજ્ઞાસાવૃત્તિ સળવળવા માંડે ને નવું નવું જાણવાની ઈચ્છા થાય. ઈશ્વરે માનવમાત્રમાં જીજ્ઞાસાવૃત્તિ તો મૂકી જ છે, અરે ! અઢી ત્રણ વર્ષનું નાનકડું બાળક પણ સવારથી ઉઠીને જાતજાતના પ્રશ્નો પૂછે છે, એની જીજ્ઞાસાને પોષવા એ સતત મથામણ કરે છે અને એટલે એને આવા મેગેઝીનોમાંથી ઘણું જાણવાનું, શીખવાનું મળે છે. નવું નવું જાણવાનું તેને ખૂબ ગમે છે. પણ આજના શિક્ષિત માબાપોને પરીક્ષાના માર્કસ્ માત્ર એટલા બધા મહત્વનાં બની ગયા છે કે ભણવાની ચોપડીઓ સિવાય બાળક કંઈ પણ હાથમાં લે એટલે એમ જ કહે કે 'તું સમય બગાડે છે.'

એક તો ટી.વી. ને કારણે આમે ય આજની ઉગતી પેઢીનો એટલો બધો સમય એની પાછળ વેડફાઈ જાય છે . અફીણના ઘેનની જેમ તેઓ ટી.વી.ની સામે ઘણાં લાંબા સમય સુધી જડાઈને બેસી જાય છે. મગજ ચલાવવાનું નહીં,ઈતર વાંચનનો સમય કે અવકાશ રહેતો જ નથી. અને એટલે એમાં રસ પણ તે લેતા નથી, પણ એમાંય વિકલ્પ જેવા આવા કોઈ નંદિત તેમાં રસ લેતાં હોય તો મમ્મીની રોકટોક સતત ચાલે, 'પછી ભણવાનું બગડે ને !' જાણે ભણવા સિવાયની ચોપડી જ ખોલવાનો પ્રતિબંધ ન હોય !

ખરેખર તો બાળક નાનું હોય ત્યારથી જ એને ઈતર વાંચનનો રસ જગાડવો જોઈએ. એની નજરમાં આવે, હાથમાં લઈને નિરાંતે જોઈ શકે એવી ચિત્રવાર્તાઓની ચોપડીઓથી એ શરૂઆત કરવી જોઈએ, ધીરે ધીરે એની ઉંમરના તબક્કા પ્રમાણેનું સાહિત્ય એને સુલભ રીતે મળે તેવી વ્યવસ્થા દરેક ઘરમાં થવી જોઈએ. સ્કુલમાં ચાલતી લાયબ્રેરી પણ આમાં ખૂબ ઉપયોગી થાય છે. આપણે માબાપે એક વાત જરૂર ધ્યાનમાં રાખવી પડશે કે 'બાળક આપણે કહીએ તેમ નહીં પણ આપણે કરીએ તેમ કરે છે.' અને એટલે આપણા ઘરમાં શિષ્ટ અને સંસ્કારી સામયિકો આવતાં હોય, બાળકની ઉંમરને અનુકૂળ સામયિક પણ આવતાં હોય અને સારા પુસ્તકોનું વાંચન કરતાં આપણને જોશે તો ઈતરવાંચનનો શોખ તેનામાં જરૂર જાગશે. કોઈપણ સારી ટેવ બાળકમાં પાડવા માટે તેનું વાતાવરણ ઉભું કરવું પડે છે. અને તેમાંય વાંચનનો શોખ એ તો જીવનભર જ્ઞાન તો વધારે જ પણ એક સારામાં સારા મિત્રની ય ગરજ સારે છે અને સારા ચારિત્ર્યનું ઘડતર પણ કરે છે. આજે તો 'અરધી સદીની વાંચનયાત્રા' જેવા પુસ્તકો કે જેમાં છેલ્લા અડધા દાયકાની સાહિત્યની ઉત્તમ કૃતિઓ આપણને ખૂબ નજીવી કિંમતે એક જ પુસ્તકના રૂપમાં હાથવગી થઈ શકી છે તો એવા સાહિત્યનાં રસાસ્વાદને માણ્યા વિના તો કેમ રહેવાય ! એ તો તળાવે જઈને તરસ્યા પાછાં આવ્યા જેવી વાત કહેવાય મને લાગે છે કે આપણે આપણા સંતાનોને રોજેરોજ માત્ર અડધો કલાકનું પણ ઈતરવાંચન કરવાની ટેવ બાળપણથી જ પાડવી જોઈએ. પરીક્ષાના માર્કસ્ની સાથે સાથે જીવનભર જીવનને જીવંત રાખવા ઈતરવાંચનનો શોખ એ પણ બહુ જરૂરી છે.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ

ગુજરાત યુનિવર્સીટી તરફથી ઓગસ્ટ ૨૦૦૫માં લેવાયેલ સેકન્ડ બી.ડી.એસ. ( ડેન્ટલ) પરીક્ષામાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી નિરવ હેમંત પારેખે યુનિવર્સીટીમાં દ્વિતીય આવવાની સિધ્ધિ પ્રાપ્ત કરી છે.ભાઈ નિરવને ધન્યવાદ. ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના.

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ પરિન શાહ છેલ્લાં સાત વર્ષથી ફોરેન એજ્યુકેશનલમાં ઓસ્ટ્રેલિયા, યુ.કે., યુ.એસ.એ., સિંગાપોર વગેરે દેશોની યુનિવર્સીટીઓનું અમદાવાદ ખાતે પ્રતિનિધિત્વ તેમ જ ફોરેન એજ્યુકેશનલ કન્સલટન્સી કરીને વિદેશ ભણવા જતા ભારતીય વિદ્યાર્થીઓને ઉચ્ચ અને ગુણવત્તાવાળું માર્ગદર્શન પૂરું પાડે છે. નેપ્ચ્યુન એજ્યુકેશનલ કન્સલટન્સીના સૂત્રધાર ભાઈશ્રી પરિન શાહને ઈન્સ્ટીટયુટ ઓફ ઈકોનોમિક સ્ટડીઝ નવી દિલ્હી દ્વારા યોજાયેલ ઈકોનોમિક ડેવલપમેન્ટ અંગેના સેમીનારમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રીનવલકિશોર શર્માના વરદહસ્તે એકસેલન્સ ઈન ફોરેન કાઉન્સેલિંગ માટે 'રાષ્ટ્રીય રત્ન એવોર્ડ તા.૧૫-૧૦-૨૦૦૫ના રોજ એનાયત કરવામાં આવ્યો છે. સંસ્થા તેમને ધન્યવાદ આપે છે ને ગૌરવ અનુભવે છે.

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની માધવી હિમાંશુભાઈ શાહે સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારતમાં તરણસ્પર્ધામાં ૫૦ મીટર અને ૧૦૦મીટર બંનેમાં પ્રથમ આવીને ઝળહળતી સિધ્ધિ મેળવી છે. અને બે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યા છે. સંસ્થા તરફથી માધવીને ખૂબ અભિનંદન.

માર્ચ ૨૦૦૫ની સેકન્ડરી અને હાયર સેકન્ડરી પરીક્ષાના પરિણામનું વિશ્લેષણ :

**S.S.C.-2005** પરિણામ **99.42 %**

| વિષય | પરિણામ |
|---|---|
| ગુજરાતી | 100 % |
| અંગ્રેજી | 100 % |
| સમાજવિદ્યા | 99.42 % |
| વિજ્ઞાન | 99.42 % |
| ગણિત | 99.42 % |
| સંગીત | 100 % |
| કોમ્પ્યુટર | 100 % |
| શા.શિક્ષણ | 100 % |
| ચિત્ર | 100 % |

**S.C.C. ના મુખ્ય પાંચ વિષયમાં સૌથી વધારે ગુણ**

| વિષય | ગુણ | મેળવનારનું નામ |
|---|---|---|
| ગુજરાતી | ૯૦ | દેસાઈ જયાયસી ભગીરથભાઈ |
| અંગ્રેજી | ૯૬ | શાહ રુચિશ રિધ્ધિશભાઈ |
| સમાજશાસ્ત્ર | ૧૦૦ | શાહ કક્ષા ભગીરથભાઈ |
| વિજ્ઞાન | ૯૯ | રાવલ ઋષિત બીરેનભાઈ |
| ગણિત | ૯૯ | શાહ કક્ષા ભગીરથભાઈ |

**H.S.C. - 2005** સામાન્ય પ્રવાહ પરિણામ **100 %**

| વિષય | ગુણ | મેળવનારનું નામ |
|---|---|---|
| ગુજરાતી | ૭૮ | શાહ અનુજ અજય |
| અંગ્રેજી | ૯૦ | શાહ સિલ્વા ક્રિયાંગભાઈ |
| બી.એ. | ૯૩ | ત્રિવેદી આનંદ મુકેશ |
| બી.એ. | ૯૩ | શાહ અર્ચિત અતુલકુમાર |
| આંકડાશાસ્ત્ર | ૧૦૦ | શાહ અનુજ અજય |
| ના.મૂ. | ૧૦૦ | દેસાઈ પરિતા નિલયભાઈ |
| બી.એમ. | ૧૦૦ | ત્રિવેદી આનંદ મુકેશ |

**H.S.C** વિજ્ઞાન પ્રવાહ - **2005** **91.66 %**

| વિષય | પાસ | નપાસ |
|---|---|---|
| કેમેસ્ટ્રી | **91.66 %** | **5** |
| ફીઝીક્સ | **93.33 %** | **4** |
| બાયોલોજી | **96.66 %** | **2** |
| ગણિત-૧-૨ | **93.33 %** | **4** |

| વિષય | ગુણ | મેળવનારનું નામ |
|---|---|---|
| કેમેસ્ટ્રી | ૯૪ | ઝવેરી જીનાલી હિરેનભાઈ |
| ફીઝીક્સ | ૯૯ | શાહ હેલી સુધીરભાઈ |
| બાયોલોજી | ૯૫ | ઝવેરી જીનાલી હિરેનભાઈ |
| ગણિત-૧-૨ | ૧૪૨ | જોષી એમીટી દિપકકુમાર |

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૮-૧૦-૦૫ને શનીવારે બાલમંદિરમાં નવરાત્રિ મહોત્સવ ઉજવવામાં આવ્યો. બાલવાડી સહિત બધા જ વિભાગના બાળકોએ રંગબેરંગી સુંદર ચણીયાચોળી અને ઓઢણીમાં સજ્જ થઈ હલકમય ગરબાની ખૂબ સરસ રીતે રજૂઆત કરી. માંડવી, દીવા, દાંડિયા, વિવિધ પ્રકારના ગરબાની આટલા નાના બાળકોએ કરેલી રજૂઆત એમની સૂર તાલ અને સંગીતની તન્મયતા ધન્યવાદને પાત્ર હતી. સંસ્થાના નિયામક મુ.શ્રી દિનુભાઈએ દીપ પ્રગટાવી કાર્યક્રમનો પ્રારંભ કર્યો અને ઈશ્વર સ્તુતિથી શરુ કરી મા શક્તિની ભક્તિના વિવિધ ગરબા રજૂ થયા. અતિથિ વિશેષ તરીકે પધારેલ શ્રી અશોકભાઈ ભટ્ટ અને શ્રી જયાબેન ઠાકરે બાળકોને તાળીઓથી વધાવી લઈને ખૂબ બિરદાવ્યા. કાર્યક્રમ હંમેશ માટે એક સંભારણું બની રહયો.

તા.૧૦-૧૦-૦૫ને મંગળવારે બાળકોને દશેરા નિમિત્તે સમૂહવાર્તા કહી રાવણ દહન અંગેની વિસ્તૃત માહિતી આપી અને નવરાત્રિ ઉત્સવ વિશે પણ સમજ આપવામાં આવી.

તા.૧૫-૧૦-૦૫ને શનીવારે બાળકો સમક્ષ 'ઉંદરની ટોપી' નાટક ભજવવામાં આવ્યું. ટોપી પહેરીને ફરતાં ઉંદરભાઈને જોઈ બાળકો આનંદથી ઝૂમી ઉઠયા.

દિવાળીના તહેવારો જેવા કે ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, બેસતુવર્ષ અને ભાઈબીજનું મહાત્મ્ય બાળકોને સમજાવ્યું. ભારતીય સંસ્કૃતિના આ સંસ્કાર બાળકમાં નાનપણથી જ રેડવામાં આવે તો બાળક આગળ જતાં તેમાં ઓતપ્રોત થઈ શકે છે. તેને માણી શકે છે. વર્ગસફાઈ, મહેમાનોનું સ્વાગત, તોરણ, સાથિયા, રંગોળી વિગેરે જેવી દિવાળીની તૈયારીથી બાળકોને માહિતગાર થવાની ખૂબ મજા આવી. રંગોળી પર પારિજાતનાં ફૂલો ગોઠવી બાળકોએ સુંદર સુશોભન કર્યું.

તા.૧૬-૧૦-૦૫ને બુધવારથી બાલમંદિરનું બીજું સત્ર શરૂ થયું. દિવાળીની રજાઓની મઝા માણી બાળકો આનંદપૂર્વક પાછા શાળામાં હાજર થઈ ગયા.બાળકોને રંગોળી કરી આસોપાલવના તોરણો બાંધી હર્ષભેર આવકાર્યા.બાળકોએ 'મેં દિવાળી કેવી રીતે ઉજવી' વિષે સરસ વકતવ્યો રજૂ કર્યા.

તાલીમના બાળકોને ટ્રાફીકના નિયમોની પ્રાથમિક સમજ આપી અકસ્માત ન થાય તે માટે શું ધ્યાન રાખવું તે ખાસ સમજાવ્યું.

જીવન જીવવા માટે ઓક્સિજનની જરૂરીયાત વિશે મીણબત્તીના પ્રયોગથી સમજ આપી. બાળકોને કાતરકામ, ગડીકામ, સંગીત, કોમ્પ્યુટર વિગેરે પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. આ ઉપરાંત હવે શિયાળો શરૂ થતાં કસરત પણ શરૂ કરવામાં આવી. સ્વેટર ટોપી પહેરી ચોગાનમાં હારબંધ ઉભા રહી હવે બાળકો તાલબધ્ધ રીતે કસરત કરે છે.

બાળગીતોની કેસેટ ભાગ-૧,૨,૩ અભિનય ગીતોની કેસેટ ભાગ-૧,૨,૩ અને નવરાત્રિ તથા કૃષ્ણ જન્મ મહોત્સવની સી.ડી. નવા શારદામંદિરના સહકારી સ્ટોર્સમાં મળી શકશે તેની નોંધ લેશો.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**ગુજરાતી નિબંધ સ્પર્ધા** તા.૨૭-૯-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | વિધિ વોરા | ( રત્નદીપ ) |
| દ્વિતીય | પૌરીન શાહ | ( રત્નદીપ ) |
| | તેજસ જાની | ( ગંગોત્રી ) |
| તૃતીય | નીલ વૈદ્ય | ( ધવલગિરિ ) |
| | વિધિ ત્રિવેદી | ( ધવલગિરિ ) |

**હિન્દી નિબંધ સ્પર્ધા** તા. ૨૭-૯-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | નિધિ કાપડીયા | ( રત્નદીપ ) |
| દ્વિતીય | ખુશાલી ત્રિપાઠી | ( ધવલગિરિ ) |
| | માત્રી વ્યાસ | ( ગંગોત્રી ) |
| તૃતીય | હેતા શાહ | ( ગંગોત્રી ) |
| | પલક મહેતા | ( મેઘનાદ ) |
| | હર્ષિલ શાહ | ( રત્નદીપ ) |

**અંગ્રેજી નિબંધ સ્પર્ધા** તા.૨૭-૯-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | ખુશ્બુ દેસાઈ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | જૈની શાહ | ( મેઘનાદ ) |
| | ત્વિષા શુકલ | ( ધવલગિરિ ) |
| તૃતીય | આકર્ષ શાહ | ( રત્નદીપ ) |
| | શર્વિલક ઠાકોર | ( ધવલગિરિ ) |

**આરતી સ્પર્ધા** તા.૧૧-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | પલક મહેતા | ( મેઘનાદ ) |
| દ્વિતીય | દેવરથ શાહ | ( ધવલગિરિ ) |
| | પલક મકવાણા | ( ગંગોત્રી ) |
| તૃતીય | ઈશાની દવે | ( ધવલગિરિ ) |
| | અદિતિ દોશી | ( રત્નદીપ ) |

**તોરણ સ્પર્ધા** તા. ૧૧-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | ઋતુ શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | ખુશાલી ત્રિપાઠી | ( ધવલગિરિ ) |
| તૃતીય | માત્રી વ્યાસ | ( ગંગોત્રી ) |

**રંગોળી સ્પર્ધા** તા.૧૫-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | વિરતી શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | કલગી શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | સંકેત પટેલ | ( ધવલગિરિ ) |
| | પ્રાર્થના ચાલીસહજાર | ( રત્નદીપ ) |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા** તા.૧૫-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | ભૂમિ શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | સંજના દોશી | ( મેઘનાદ ) |
| તૃતીય | દ્રષ્ટિ ઠક્કર | ( રત્નદીપ ) |

**સુગમ સંગીત સ્પર્ધા** તા.૧-૧૨-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | પ્રિયંકા ઠાકર | (ગંગોત્રી ) |
| દ્વિતીય | લાગણી વ્યાસ | ( મેઘનાદ ) |
| | રાહિલ જાની | ( રત્નદીપ ) |
| તૃતીય | ફલક મહેતા | ( ધવલગિરિ ) |
| | વિરતી શાહ | ( મેઘનાદ ) |

નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની બહેન **આનલ વસાવડાએ** સેવા આપી તે માટે સંસ્થા આભારની લાગણી અનુભવે છે.

**સુલેખન સ્પર્ધા :** ધોરણ ૧ થી ૪ માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી. વિદ્યાર્થી ભાઈબહેનોએ ખૂબ સુંદર અક્ષરે સુલેખન કર્યું. અંગ્રેજી માધ્યમમાં પણ આ સ્પર્ધા યોજાઈ. શિક્ષણમાં સારા અક્ષરનું મહત્વ ઘણું છે અને તેની પ્રેરણા આવી સ્પર્ધામાંથી મળે છે.

**દાંડિયા સ્પર્ધા :** ધોરણ ૩ અને ૪ માટે દાંડિયા શણગારવાની સ્પર્ધા યોજાઈ. વિદ્યાર્થી ભાઈબહેનોએ ખૂબ કલાત્મક રીતે દાંડિયા પર સુશોભન કર્યું.

તા.૨૭-૧૧-૦૫ના રોજ ધોરણ ૧ થી ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને રંગ અને રેખાઓમાં તન્મય થઈ સુંદર ચિત્રો બનાવ્યા.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધા**

**આરતી સ્પર્ધા** તા.૧૯-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | સ્નેહ ઠક્કર | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | પંક્તિ પટેલ | ( મેઘદૂત ) |
| | નિકિતા બલર | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | ફોરમ શાહ | ( મેઘદૂત ) |
| | શિમોની શાહ | ( ગીતગોવિંદ ) |

**અંગ્રેજી નિબંધ સપર્ધા** તા.૧૮-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | નમ્રતા શુકલ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | દેવાંશી સંઘાણી | ( મેઘદૂત ) |
| તૃતીય | અનુજા શાહ | ( પદ્મપુકુર ) |
| | શૈલજા શાહ | ( ગીતગોવિંદ ) |

**ગુજરાતી નિબંધ સ્પર્ધા** તા.૧૮-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | કિતર્ન ટંકશાળી | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | કોમલ ભટ્ટ | ( પદ્મપુકુર ) |
| તૃતીય | કૃતિ ત્રિવેદી | ( ગીતગોવિંદ ) |
| | ભૂમિ શાહ | ( મેઘદૂત ) |

**હિન્દી નિબંધ સ્પર્ધા** તા.૧૮-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | માનુષી જોષી | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | હેલી વસાણી | ( મેઘદૂત ) |
| | રાજેન્દ્ર સોલંકી | ( મેઘદૂત ) |
| તૃતીય | મૈથિલી મહેતા | ( પદ્મપુકુર ) |

**તબલા સ્પર્ધા** તા.૨૧-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | અમન ગોહિલ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | દેવલ ખત્રી | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | યશ શાહ | ( પદ્મપુકુર ) |
| | જીલ શાહ | ( ચંદ્રમૌલિ ) |

નિર્ણાયક તરીકે ગાંધર્વ મહાવિદ્યાલયના શ્રી પરેશભાઈ પટેલે સેવા આપી તે બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

**રંગોળી સ્પર્ધા** તા.૨૪-૧૦-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | વાચા શાહ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | ફોરમ પંડયા | ( ચંદ્રમૌલિ ) |
| | નિરાલી શાહ | ( પદ્મપુકુર ) |
| તૃતીય | પંક્તિ લાડ | ( ગીતગોવિંદ ) |
| | પંક્તિ પટેલ | ( મેઘદૂત ) |
| | શૈલી ઝવેરી | ( મેઘદૂત ) |

તા. ૨૫-૧૧-૦૫ ના રોજ Symcom Insistute ના શ્રી રોહિતભાઈ પટેલે ધો.૮,૯ ના વિદ્યાર્થીઓ સમક્ષ 'વ્યક્તિત્વ ઘડતર અને વિકાસ' અંગે ખૂબ માહિતીપૂર્ણ અને રસપ્રદ પ્રવચન આપ્યું. જીવનમાં સફળતા મેળવવા શું કરવું જોઈએ તેની સુંદર છણાવટ કરતા શ્રી રોહિતભાઈએ વિદ્યાર્થીઓને ખૂબ સરસ માર્ગદર્શન અને પ્રેરણા પૂરા પાડયા.

તા.૩૦-૧૧-૦૫ના રોજ જાણીતા બાલસાહિત્યકાર શ્રી યશવંતભાઈ મહેતા શાળામાં પધાર્યા અને ધોરણ ૮ અને ૯ નાં વિદ્યાર્થી ભાઈબહેનોને ઈતર વાંચન માટે અનુરોધ કર્યો. લેખનકલા વિકસાવવા આવું વાંચન ઘણો જ મહત્વનો ભાગ ભજવે છે. માહિતી અને હૃદયમાં અનુકંપા જ માણસને લખવા પ્રેરે છે. વિદ્યાર્થીઓએ ખૂબ રસપૂર્વક તેમનું વકતવ્ય સાંભળ્યું અને પ્રશ્નો પણ પૂછયા. આખોય કાર્યક્રમ સફળ રહ્યો.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com